# <u>સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ</u>

તા. ૨૫ મી સપ્ટેમ્બર, પ્રખર રાષ્ટ્રસેવક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનો જન્મ દિવસ તથા બીજી ઓક્ટોબર, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો જન્મદિવસ ; નિમિત્તે આપણી યુનિવર્સિટીના ઉપક્રમે 'સામાજિક સમરસતા અને સ્વચ્છતા અભિયાન સપ્તાહ' ની ઉજવણીનું આયોજન માનનીય કુલપતિશ્રીના માર્ગદર્શનમાં એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા કરવામાં આવ્યું હતું.



તા.૨૫ મી સપ્ટેમ્બરે ગૌતમ સભાગૃહમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના જીવન –કાર્ય તથા તત્વચિંતન વિશે જાણીતા વિદ્વાન ડૉ. ગિરીશભાઈ ઠાકરે ઉદબોધન કર્યું હતું. પંડિતજીના 'એકાત્મમાનવ દર્શન' સંદર્ભે મનનીય પ્રવચનની સમાંતરે પંડિતજીના જીવન કાર્યનાં પ્રેરક ઉદાહરણો દવારા વક્તાશ્રીએ શ્રોતાઓને લાભાન્વિત કર્યા હતા. રાજ્યનીતિશાસ્ત્રના જાણીતા પ્રોફેસર શ્રી હર્ષદભાઈ યાજ્ઞિકે સ્વચ્છતા તથા સમરસતા કેન્દ્રી વક્તવ્યમાં મહાત્મા ગાંધી અને પંડિત દીનદયાળજી વિશે અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. પ્રાધ્યાપક સંજયભાઈ પટેલે ડૉ. ગિરીશભાઈ ઠાકરનો તથા ડૉ. હેતલબેન ગાંધીએ પ્રો. હર્ષદભાઈ યાજ્ઞિકનો પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમની પ્રાસંગિક ભૂમિકા ડૉ. યોગેન્દ્ર પારેખે રજૂ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન ડૉ . કૃતિબેન છાયાએ અને આભાર દર્શન ફાઈનાન્સ ઓફિસર શ્રી શ્રુતિબેન પાઠકે કર્યું હતું.સપ્તાહના પ્રારંભે રાષ્ટ્રસેવક પંડિત દીનદયાળ ઉપાધ્યાયના કાર્યાનુભવના પ્રત્યક્ષ સાક્ષી રહી ચુકેલા બંને વક્તાઓનો યુનિવર્સિટીને લાભ મળ્યો તે મુખ્ય ઉપલબ્ધી ગણી શકાય.



સ્વચ્છતા અભિયાન નિમિત્તે સમગ્ર યુનિવર્સિટી પરિવાર નક્કર કામગીરી કરે, તેવો માનનીય કુલપતિશ્રીનો આગ્રહ અને પ્રેરણાના પરિણામ સ્વરૂપે તા.૨૯-૦૯-૨૦૧૬ ના રોજ છારોડી ગામમાં સ્વચ્છતા આભિયન કરવાનું નક્કી થયું. ગામની પ્રાથમિક શાળાનો સહયોગ મળ્યો. શાળાના મુખ્ય શિક્ષિકા શ્રી જસુમતીબેન સાથે યુનિવર્સિટી વતી સંયોજકની ભૂમિકાએ ડૉ. મૌનસ ઠાકર , પ્રા.સંજય પટેલ, ડૉ. મયંક સોની તથા શ્રી અમિત મેકવાન દ્વારા પરિણામલક્ષી કામગીરીની રૂપરેખા નક્કી થઈ. છારોડી ગામમાં સફાઈ કામગીરી માટે જરૂરી સાધન સરંજામ યુનિવર્સિટી દ્વારા પુરા પાડવામાં આવ્યા.



છારોડી પ્રાથમિક શાળા (સ્માર્ટ શાળા) માં સ્વચ્છતા આભિયન પ્રારંભની સંકલ્પ બેઠકમાં યુનિવર્સિટી વતી માનનીય કુલસચિવ પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય , ડાયરેક્ટર એકેડેમિક ડૉ. રવિ ગોર, ડાયરેક્ટર (જીજી) ડૉ. આવા શુકલા તથા સહુ વરિષ્ઠ અધિકારીઓ, અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા. સંકલ્પ બેઠકનું આયોજન તથા સંચાલન ડૉ. મૌનસ ઠાકરે કર્યું. ઉલ્લેખનીય છે કે , શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સ્વચ્છતાકેન્દ્રી નાટિકાઓ તથા કાવ્યો પ્રસ્તુત કર્યા હતા. યુનિવર્સિટી વતી પ્રાસંગિક ઉદબોધનમાં પ્રો.ડૉ. અમીબેન ઉપાધ્યાયે શાળાની પ્રવૃત્તિઓને બિરદાવવાની સાથે સ્વચ્છતા સંકલ્પને સાર્થક કરવાના પ્રયાસની સરાહના કરી હતી. સંકલ્પ બેઠક બાદ સ્વચ્છતા જાગૃતિ માટે સમગ્ર ગામમાં યુનિવર્સિટી તથા શાળા પરિવારની ભવ્ય સુત્રોચ્ચાર સાથેની પદયાત્રા નીકળી હતી. ગામ લોકોએ આદરપૂર્વક આ પદયાત્રાને નિહાળી હતી. પદયાત્રા બાદ શ્રમકાર્યના ભાગ રૂપે ગામ સફાઈ કરવામાં આવી હતી. યુનિવર્સિટી દ્વારા શાળાનાં બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો.

છારોડી ગામની સફાઈ બાદ ગાંધી જયંતિના દિવસે યુનિવર્સિટી પરિવાર દ્વારા યુનિવર્સિટી પરિસર તથા યુનિવર્સિટી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન કરવામાં આવ્યું હતું. દરેક નાના – મોટા કર્મચારીઓ કોઈપણ પ્રકારનાં ભેદભાવ વગર સાથે મળીને સફાઈ કામમાં ખભે-ખભો મિલાવી સમગ્ર ઉપક્રમમાં જોડાયા હતા.





તા. ૨ જી ઓક્ટોબરના રોજ BAPS ના સંત પૂજ્યશ્રી શ્રુતિપ્રકાશજી સ્વામી તથા જાણીતા સામાજિક અગ્રણી અને પત્રકાર શ્રી કિશોરભાઈ મકવાણાએ મહાત્મા ગાંધીજી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકરને યથોચિત સંદર્ભમાં યાદ કરી સ્વચ્છતા તથા સમરસતાની ભૂમિકાએ પ્રેરક ઉદબોધનો કર્યા હતા.



ઉજવણી સપ્તાહની સૌથી પ્રેરક અને યાદગાર ઘટના એ પણ હતી કે યુનિવર્સિટી પરિસરમાં નિત્ય સફાઈ કરતાં શ્રમયોગી સફાઈ કામદારોનું જાહેર અભિવાદન અને સન્માન થયું. પૂજ્યશ્રી શ્રુતિપ્રકાશજી સ્વામીના વરદ હસ્તે શાલ ઓઢાડી તથા સ્મૃતિ ભેટ આપી સફાઈ કામદારોનાં સન્માનનો પ્રારંભ થયો. માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની તથા શ્રી કિશોરભાઈ મકવાણાએ યુનિવર્સિટી પરિવાર વતી ચાલીસ જેટલાં સફાઈ કામદારોનાં કામની કદર કરી. સફાઈ કામદારો વતી પ્રવીણભાઈ પરમારે આભારપૂર્વક પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. યોગેન્દ્રભાઈ પારેખે કર્યું હતું. કાર્યક્રમના અંતે સમુહભોજન બાદ સૌ છુટા પડ્યા હતા.



